BUSINESS મિત્ર Plus

હેવીવેઈટ શેરો તરફ ફોકસ કરો, IT, રિલાયન્સ અને HDFC બેન્કમાં ઉછાળો જોવા મળી શકે



લાંબા સમયથી ચાલી રહેલી વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલના લીધે વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારમાં પણ વધઘટે ઘટાડો આગળ વધી રહ્યો છે. જોકે, ઇઝરાયલની ચૂંટણીના પરિણામો બાદ વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ શાંત પડવાની સંભાવના છે, જેના લીધે વૈશ્વિક બજારોમાં સુધારાની ચાલ જોવા મળી શકે છે. એટલું જ નહીં, ભારતીય શેરબજારમાં આઇટી શેરોમાં રીકવરીનો દોર ચાલી રહ્યો છે, તેમાં એઆઇ બબલના પગલે એઆઇ સંબંધિત અને ચિપ-સેમિકન્ડક્ટર કંપનીઓના શેરો ઘટાડો જોવા મળ્યો હતો.

વૈશ્વિક બજારોમાં એઆઇ સંબંધિત કંપનીઓની વેચવાલી ચાલી રહી છે. ગત સપ્તાહના અંતિમ દિવસે એઆઇ સંબંધિત શેરોમાં ભારે વેચવાલીના પગલે નાસ્ડેક અઢી ટકા જેટલો તૂટ્યો હતો, તેની સાથે અન્ય શેરબજારોમાં પણ વેચવાલી રહી હતી, જેની પાછળ ભારતીય આઇટી કંપનીઓમાં રીકવરી જોવા મળી હતી, છેલ્લા એક સપ્તાહથી ભારતીય શેરબજારમાં આઇટી શેરોમાં જોશ વધી રહ્યો છે, જે આગામી સપ્તાહમાં પણ ચાલુ રહેવાની પુરેપુરી સંભાવના છે. ભારતીય આઇટી શેરોમાં હજુય ઉછાળો આગળ વધી શકે છે. જો એઆઇ બબલ ફુટશે તો ભારતીય આઇટી કંપનીઓમાં આકર્ષણ વધશે અને નિષ્ણાતો એવું માની રહ્યા છે કે, ભારતીય આઇટી શેરોમાં હજુય 20થી 25 ટકા સુધી ઉછાળો જોવા મળી શકે છે.

ભારતીય શેરબજારમાં લાર્જકેપ અને હેવીવેઇટ શેરો દબાણમાં રહ્યા હતા. જેમાં ખાસ કરીને રિલાયન્સ ઇન્ડસ્ટ્રી અને એચડીએફસી બેન્ક જેવા શેરોમાં મોટો ઘટાડો આવ્યો હતો અને બાવન વીક લો તરફ આગેકૂચ કરતા જોવા મળ્યા હતા.

ઇઝરાયલમાં મિડટર્મ ચુંટણી યોજાઇ હતી, જેના પરિણામો જાહેર થઇ ચુક્યા છે અને વર્તમાન નેત્યાનાહૂ સરકાર માટે કપરા ચઢાણ થઇ રહ્યા છે, જો નેત્યાનાહૂ સરકાર નહીં બને તો વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ શાંત પડે તેવી સંભાવના દેખાઇ રહી છે, તેના લીધે આગામી સપ્તાહમાં શેરબજારોમાં રીકવરીનો દોર શરૂ થઇ શકે છે. ખાસ કરીને આવનારો સમય હેવીવેઇટ શેરોમાં નવી લેવાલીનો રહેશે. જેથી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ તથા એચડીએફસી બેન્કના શેરોમાં તેજીનો દોર જોવા મળી શકે છે. જેમાં ઉત્તરોત્તર વધારો થઇ શકે છે. આ સિવાય અન્ય હેવીવેઇટ શેરોમાં પણ નવેસરથી ખરીદી જોવા મળી શકે છે. આમ, ઇન્ડેક્સ બેઝ્ડ શેરોમાં નવી તેજી જોવા મળી શકે છે. બીજી તરફ, ટેકનીકલ દ્રષ્ટિએ જોઇએ તો નિફ્ટી 23500 પોઇન્ટની ઉપર બંધ રહેશે તો બજારમાં વધુ મજબૂતાઇ જોવા મળી શકે, પણ એક એવી શક્યતા પણ રહેલી છે કે, 23500થી 23600 પોઇન્ટની વચ્ચે નફાવસુલી થતી હોય છે અને તે નીચે તરફ પણ ખેંચી શકે છે.

સપ્તાહના છેલ્લા દિવસે શેરબજારમાં બાઉન્સ બેક જોવાયો હતો. જેમાં સેન્સેક્સ-નિફ્ટી પોઝિટિવ રહ્યા હતા. જેમાં બીએસઇ 200 ઇન્ડેક્સના છ શેરો બાવન વીકની નવી ઉંચી સપાટીએ પહોંચ્યા હતા. જેમાં કોફોર્જ, ઇન્ડિયન હોટલ્સ કંપની, કોટક મહિન્દ્રા બેન્ક, એફએસએન ઇ-કોમર્સ વેન્ચર્સ અને ઝાયડસ લાઇફ સાયન્સીસનો સમાવેશ થાય છે.

ભારતીય શેરબજારમાં એક જ ચિંતાનો વિષય છે તે વિદેશી રોકાણકારોની વેચવાલી છે. ભારત સરકાર વિદેશી રોકાણકારોની વેચવાલી અટકાવવા તથા નવી ખરીદી માટેની જે મુશ્કેલીઓ કે ટેક્સના ઇશ્યુ છે, તેને દૂર કરવાનો પ્રયાસ શરૂ કરી દીધા છે. જેમાં લોંગ ટર્મ કેપિટલ ગેઇન ટેક્સમાં રાહત આપવાની દિશામાં સરકાર કાર્યરત હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. આમ છતાં, વિદેશી રોકાણકારોએ

ઇઝરાયલના ત્રિશંકુ પરિણામોથી નેત્યાનાહૂ સરકાર પર પ્રશ્નાર્થ સર્જાતા વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ શાંત પડશે, જેથી વૈશ્વિક બજારોમાં પણ સુધારો જોવા મળી શકે

માર્કેટ વોચ

ઓક્ટોબરમાં ભારતીય શેરબજારમાંથી રૂ. 34843 કરોડ રૂપિયાની વેચવાલી કરી દીધી છે. સતત બીજા મહિને ભારે વેચવાલી રહી હતી.

સપ્ટેમ્બર મહિનામાં રૂ. 35861 કરોડની વેચવાલી થઇ હતી. આ પહેલા જુલાઇમાં રૂ.20200 કરોડ અને ઓગસ્ટમાં રૂ. 29631 કરોડનું રોકાણ કર્યું હતું. જોકે, સરકારના એલટીસીજીમાં રાહતની ચર્ચાના પગલે છેલ્લા સપ્તાહમાં એફઆઇઆઇનું વલણ બદલાયેલું જોવા મળ્યું હતું અને આશરે રૂ 6300 કરોડની ખરીદી કરી હતી. વિદેશી રોકાણકારોના વેચાણના કારણે અને તેમનું વલણ આગળ કેવું રહેશે તેની ઉપર રોકાણકારોની નજર રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઓક્ટોબરના આઉટફ્લો સહિત 2026માં અત્યાર સુધીમાં ભારતીય શેરબજારમાંથી એફપીઆઇનો કુલ આઇટફ્લો 2.95 લાખ કરોડ સુધી પહોંચી ગયો છે.

‘સોનાની નગરી’ દુબઇમાં હવે સોનામાં પણ સલામતીની ગેરંટી નહીં!



દુબઇને અત્યાર સુધી વિશ્વના સૌથી વિશ્વસનીય ગોલ્ડ ટ્રેડિંગ સેન્ટર તરીકે ઓળખવામાં આવતું હતું. અહીં સોનાની ખરીદી માટે વિશ્વભરના વેપારીઓ અને ગ્રાહકો આવતા રહ્યા છે. સોનાની શુદ્ધતા, પ્રમાણભૂત ભાવ અને વિશાળ જથ્થામાં ઉપલબ્ધતાને કારણે દુબઇનું ગોલ્ડ માર્કેટ વૈશ્વિક સ્તરે આગવી ઓળખ ધરાવે છે. પરંતુ મીડલ ઇસ્ટમાં વધતા યુદ્ધના તણાવ અને ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાએ હવે આ વિશ્વાસને પણ પડકાર્યો છે. દુબઇના સોનાના બજારમાં ડિસ્કાઉન્ટ, ગુણવત્તા અને સપ્લાય ચેઇનને લઇને નવી ચિંતાઓ ઊભી થઇ છે.

દુબઇને લાંબા સમયથી ‘સિટી ઓફ ગોલ્ડ’ તરીકે ઓળખવામાં આવે છે. અહીં સોનાના વેપાર માટે અનુકૂળ વ્યવસ્થા, આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી અને વિશ્વસનીય વેપારી નેટવર્ક ઉપલબ્ધ છે. ખાસ કરીને ભારતીયો માટે દુબઇ સોનાની ખરીદીનું મહત્ત્વનું કેન્દ્ર રહ્યું છે. જોકે, યુદ્ધની સ્થિતિએ આ બજારની સામાન્ય કાર્યપદ્ધતિને અસર કરી છે. અગાઉ જ્યાં ગ્રાહકો અને વેપારીઓ નિશ્ચિતતા સાથે સોનાની ખરીદી કરતા હતા ત્યાં હવે ભાવ, ગુણવત્તા અને ડિલિવરી અંગે સાવચેતી રાખવી પડી રહી છે.

મીડલ ઇસ્ટમાં યુદ્ધની સ્થિતિને કારણે દુબઇના ગોલ્ડ માર્કેટમાં અસ્થિરતા વધી છે. સોનાના આંતરરાષ્ટ્રીય વેપારમાં દુબઇની ભૂમિકા મહત્ત્વની હોવાથી અહીં થતી કોઇપણ હલચલની અસર અન્ય દેશોના બજારો સુધી પહોંચે છે. યુદ્ધના કારણે વેપારીઓમાં અનિશ્ચિતતા વધી છે અને સોનાની ખરીદી તથા વેચાણના વ્યવહારોમાં પણ સાવચેતી જોવા મળી રહી છે.

આ સ્થિતિમાં સોનાના વેપારમાં ડિસ્કાઉન્ટની ઓફર પણ ચર્ચાનો વિષય બની છે. સામાન્ય રીતે સોનાની ખરીદી વખતે તેની શુદ્ધતા, કેરેટ અને પ્રમાણિત ગુણવત્તાને મહત્ત્વ આપવામાં આવે છે. પરંતુ બજારમાં ડિસ્કાઉન્ટના નામે વેચાણ વધતું હોય ત્યારે ગ્રાહકો માટે સોનાની વાસ્તવિક ગુણવત્તા ચકાસવી વધુ જરૂરી બની જાય છે. કેટલાક વેપારીઓ વેચાણ વધારવા માટે ડિસ્કાઉન્ટ આપી રહ્યા હોવાની સ્થિતિમાં ગ્રાહકોએ માત્ર સસ્તા ભાવથી આકર્ષાઇને ખરીદી કરવી જોખમી બની શકે છે.

દુબઇના બજારમાં સોનાની ખરીદી માટે આવતા વિદેશી વેપારીઓ પણ હવે વધુ સાવચેતી રાખી રહ્યા છે. સોનાની શુદ્ધતા અને પ્રમાણિત ગુણવત્તા અંગે ખાતરી કર્યા બાદ જ વ્યવહાર કરવાની વૃત્તિ વધી રહી છે. ખાસ કરીને જથ્થાબંધ ખરીદી કરતા વેપારીઓ માટે આ બાબત વધુ મહત્ત્વની છે, કારણ કે નાની ગુણવત્તાકીય ખામી પણ મોટા નાણાકીય નુકસાનમાં પરિણમી શકે છે. યુદ્ધની અસર માત્ર સોનાના ભાવ પૂરતી મર્યાદિત નથી. પરિવહન, વીમા અને આંતરરાષ્ટ્રીય સપ્લાય ચેઇન પર પણ તેની અસર પડી રહી છે. મધ્ય પૂર્વના વિસ્તારમાં વધતા તણાવને કારણે વેપારના માર્ગો, માલની હેરફેર અને ડિલિવરીની સમયમર્યાદા અંગે અનિશ્ચિતતા ઊભી થઇ છે. આથી સોનાના વેપારીઓને વધારાના ખર્ચનો સામનો કરવો પડી શકે છે. વીમા અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં વધારો થાય તો તેની અસર અંતે સોનાના વેપાર અને ગ્રાહકોના ખરીદી ખર્ચ પર પણ પડી શકે છે. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ પર પણ યુદ્ધની સીધી અસર જોવા મળી રહી છે. ભૌગોલિક રાજકીય તણાવ વધે ત્યારે સામાન્ય રીતે રોકાણકારો સોનાને સુરક્ષિત રોકાણ માને છે. તેના કારણે સોનાની માંગ અને ભાવમાં વધારો થઇ શકે છે. જોકે, ડોલરની મજબૂતી, વ્યાજદર અને વૈશ્વિક આર્થિક સ્થિતિ જેવા પરિબળો પણ સોનાના ભાવને અસર કરે છે. તેથી યુદ્ધની સ્થિતિમાં પણ સોનાના ભાવમાં એકતરફી વધારો જ થશે એવું માનવું યોગ્ય નથી.

ભારતીય બજાર માટે દુબઇનું ગોલ્ડ માર્કેટ વિશેષ મહત્ત્વ ધરાવે છે. ભારત

દુબઇના ગોલ્ડ માર્કેટમાં અનિશ્ચિતતા, ડિસ્કાઉન્ટના નામે સોનાની ગુણવત્તા સામે સવાલો, વિદેશી વેપારીઓ સાવચેતીના મૂડમાં

કોમોડિટી વોચ

સોનાનો મોટો આયાતકાર દેશ છે અને દુબઇ સાથે સોનાના વેપારના લાંબા સમયથી સંબંધો રહ્યા છે. જો દુબઇમાં વેપારની સ્થિતિ વધુ બગડે, પરિવહન ખર્ચ વધે અથવા સપ્લાયમાં વિક્ષેપ સર્જાય તો તેની અસર ભારતીય આયાતકારો અને સ્થાનિક બજાર પર પડી શકે છે. જોકે, સ્થાનિક ભાવ પર રૂપિયાની સ્થિતિ, આયાત ખર્ચ, સરકારી કર અને આંતરરાષ્ટ્રીય સોનાના ભાવની પણ મહત્વપૂર્ણ અસર રહે છે.

આખરે દુબઇના ગોલ્ડ માર્કેટ સામેનો સૌથી મોટો પડકાર વિશ્વાસ જાળવી રાખવાનો છે. સોનાના વેપારમાં શુદ્ધતા અને પારદર્શિતા સૌથી મહત્ત્વના આધારસ્તંભ છે. યુદ્ધની અનિશ્ચિતતા વચ્ચે ડિસ્કાઉન્ટ અને સસ્તા ભાવની લાલચમાં ગુણવત્તા સાથે બાંધછોડ ન થાય તે જરૂરી છે. ગ્રાહકોએ હોલમાર્ક, શુદ્ધતાનું પ્રમાણપત્ર, બિલ અને વિશ્વસનીય વેપારી પાસેથી જ ખરીદી જેવી બાબતોનું ધ્યાન રાખવું જોઇએ.

દુબઇનું ગોલ્ડ માર્કેટ ફરી સામાન્ય સ્થિતિમાં આવે તે માટે મધ્ય પૂર્વમાં તણાવ ઓછો થવો અને આંતરરાષ્ટ્રીય વેપાર વ્યવસ્થા સ્થિર થવી જરૂરી છે. ત્યાં સુધી ‘સિટી ઓફ ગોલ્ડ’માં પણ સોનાની ખરીદી હવે માત્ર ભાવનો નહીં, પરંતુ વિશ્વાસ અને સલામતીનો સવાલ બની રહેશે.

હેલ્થ ઇન્સ્યોરન્સ ખરીદતા પહેલા પોલિસીના આ મહત્વપૂર્ણ નિયમો અને શરતો ચોક્કસ ચકાસો



આજના સમયમાં આરોગ્ય વીમો ખરીદવો ખૂબ જ સરળ બની ગયો છે, પરંતુ જ્યારે કોઈ તબીબી કટોકટી કે ઈમરજન્સી આવી પડે ત્યારે યોગ્ય રીતે કામ આવે તેવી પોલિસી પસંદ કરવા માટે બારીક તપાસ અને ચકાસણી કરવી અત્યંત જરૂરી છે. કાગળ પર મોટી રકમનો સમ ઈન્સ્યોર્ડ ખૂબ જ આશ્વાસન આપનારો લાગી શકે છે, પરંતુ પોલિસીમાં રહેલી કેટલીક પ્રતિબંધિત શરતો અને નિયમો વીમા કંપની વાસ્તવમાં જે રકમ ચૂકવે છે તેમાં નોંધપાત્ર ઘટાડો કરી શકે છે.

ભારતમાં હોસ્પિટલના ખર્ચમાં વાર્ષિક આશરે 13 ટકાથી 15 ટકાનો વધારો થઈ રહ્યો છે. આ મોંઘવારીના કારણે ફેમિલી ફ્લોટર પોલિસીના પ્રીમિયમમાં 2021થી અત્યાર સુધીમાં લગભગ૪૬ ટકાનો વધારો થયો છે. આંકડા દર્શાવે છે કે રૂ. પાંચ લાખનું હેલ્થ કવર, જે થોડા વર્ષો પહેલા પૂરતું લાગતું હતું, તે આજે મેટ્રો શહેરોમાં ખાસ કરીને લાંબા સમય સુધી હોસ્પિટલમાં રહેવાના કિસ્સામાં અથવા મોટી સર્જરી દરમિયાન ઓછું પડી શકે છે.

હેલ્થ ઈન્સ્યોરન્સ ખરીદતા પહેલા કયા નિયમો અને શરતો ચકાસવી જોઈએ?

આરોગ્ય વીમો લેતી વખતે સૌથી પહેલા રૂમ ભાડાની મર્યાદા, રોગ-વિશેષ સબ-લિમિટ્સ, કો-પેમેન્ટ, બાકાત રાખવામાં આવેલી બાબતો અને કન્ઝ્યુમેબલ્સ અંગેના નિયમો ખાસ તપાસો. આ શરતો જ નક્કી કરે છે કે વીમા કંપની હોસ્પિટલના બિલમાંથી કેટલો હિસ્સો ચૂકવશે અને તમારે તમારા ખિસ્સામાંથી કેટલી રકમ ચૂકવવી પડી શકે છે.

સામાન્ય રીતે પોલિસીની મુખ્ય હેડલાઈનમાં દર્શાવેલ સમ ઈન્સ્યોર્ડ અડધી જ સત્યતા દર્શાવે છે

રૂમ રેન્ટની મર્યાદા : રૂમ ભાડાની મર્યાદા એ ગ્રાહકો માટે સૌથી મોટો છૂપો ખાડો અથવા ટ્રેપ છે. જો પોલિસીમાં રૂમ ભાડાની ચોક્કસ મર્યાદા નક્કી કરવામાં આવી હોય અને દર્દી તે મર્યાદા કરતાં વધુ મોંઘા રૂમમાં એડમિટ થાય, તો વીમા કંપની માત્ર રૂમના ભાડામાં જ નહીં, પરંતુ ડોક્ટરની ફી, નર્સિંગ ચાર્જ અને અન્ય તમામ સારવારના બિલમાં તે જ પ્રમાણમાં કાપ મૂકી શકે છે.

કન્ઝ્યુમેબલ્સ : ગ્લોવ્સ, સિરિંજ, પીપીઈ કિટ્સ અને સેનિટાઈઝર જેવી વપરાશની વસ્તુઓ સામાન્ય રીતે મૂળભૂત હેલ્થ પોલિસીમાં આવરી લેવામાં આવતી નથી. આઈસીયુ (ICU)માં લાંબા રોકાણ દરમિયાન આ બિન-તબીબી વસ્તુઓનું બિલ જ ખૂબ મોટું અને દર્દનાક બની શકે છે.

સબ-લિમિટ્સ અને કો-પેમેન્ટ: મોતિયાનુ ઓપરેશન કે ઘૂંટણ બદલવાની સર્જરી જેવી ચોક્કસ પ્રક્રિયાઓ પર રહેલી સબ-લિમિટ્સ, તેમજ વરિષ્ઠ નાગરિકો કે માતાપિતા માટેની પોલિસીમાં રહેલ ફરજિયાત કો-પેમેન્ટ જેવી શરતો પોલિસી ખરીદતા પહેલા બરાબર ચકાસી લેવી જોઈએ.

શું માત્ર ઉચ્ચ સમ ઈન્સ્યોર્ડ પરિવારની સુરક્ષા માટે પૂરતો છે?

માત્ર ઊંચું વિમા કવરેજ લેવાથી પૂર્ણ સુરક્ષા મળતી નથી, કારણ કે તે હજુ પણ કેટલીક મર્યાદાઓ સાથે આવી શકે છે જે ક્લેમની રકમને સીમિત કરે છે. વીમો ખરીદતી વખતે એ બાબતની ખાતરી કરો કે પોલિસીમાં રૂમ ભાડા પર કોઈ પ્રતિબંધ ન હોય, ચોક્કસ રોગો પર કોઈ મર્યાદા (કેપિંગ) ન હોય અને કોઈ ફરજિયાત કો-પેમેન્ટની શરત ન હોય. આ ઉપરાંત, હોસ્પિટલના કયા નોન-મેડિકલ ખર્ચાઓને પોલિસીમાંથી બાકાત રાખવામાં આવ્યા છે તે સમજો અને શું તેને કવર કરવા માટે કોઈ વધારાનું ‘રાઇડર’ કે ‘એડ-ઓન’ ઉપલબ્ધ છે કે નહીં તે તપાસો.

બેઝ પોલિસી લેવી જોઈએ કે સુપર ટોપ-અપ?

એક વાજબી રકમની મૂળભૂત (બેઝ) પોલિસી સાથે ‘સુપર ટોપ-અપ’ પોલિસીને જોડવી એ ઓછા પ્રીમિયમમાં સ્વાસ્થ્ય કવરેજ વધારવાનો એક અત્યંત કરકસરયુક્ત અને બુદ્ધિપૂર્વકનો માર્ગ છે.

સુપર ટોપ-અપ પોલિસી ત્યારે કામ કરવાનું શરૂ કરે છે જ્યારે એક વર્ષ દરમિયાન તબીબી ખર્ચ નક્કી કરેલી ‘ડિડક્ટેબલ’ રકમ વટાવી જાય છે. આ વિકલ્પ પરિવારને એક જ ઊંચી રકમની મોંઘી પોલિસીનું ભારે પ્રીમિયમ ભર્યા વિના મોટું કુલ વિમા કવરેજ મેળવવાની સુવિધા આપે છે.

બીજી તરફ, સંપૂર્ણપણે કંપની કે એમ્પ્લોયર દ્વારા પૂરા પાડવામાં આવતા ગ્રુપ હેલ્થ ઈન્સ્યોરન્સ પર નિર્ભર રહેવું એ મોટું જોખમ છે. આવી નોકરીદાતા પોલિસી સામાન્ય રીતે જ્યારે તમે સંસ્થા છોડો છો અથવા નોકરી બદલો છો ત્યારે સમાપ્ત થઈ જાય છે. તેથી નાની ઉંમરે જ પોતાની વ્યક્તિગત હેલ્થ પોલિસી ખરીદવી ખૂબ જ ફાયદાકારક છે, કારણ કે વધતી ઉંમર અથવા અગાઉથી રહેલી બીમારીઓ સાથે પ્રીમિયમ વધી જાય છે અને નવું કવર મેળવવું મુશ્કેલ બની શકે છે.

હેલ્થ ઈન્સ્યોરન્સમાં વેટિંગ પિરિયડના નિયમો શું છે?

પોલિસીધારકોએ વિમા ક્ષેત્રમાં નિયમનકારી મંડળ દ્વારા મળતા કાનૂની અને નિયમનકારી રક્ષણને પણ સમજવું જોઈએ. હવેના નવા નિયમો મોટાભાગે વીમા ખરીદનાર ગ્રાહકના પક્ષમાં નમેલા છે:

પ્રિ-એક્ઝિસ્ટિંગ ડિસીઝ વેટિંગ પિરિયડ : અગાઉથી હયાત બીમારીઓ માટેનો મહત્તમ વેટિંગ પિરિયડ હવે ઘટાડીને 36 મહિના (3 વર્ષ) સુધી મર્યાદિત કરવામાં આવ્યો છે.

વેલ્થ ક્રિએશન

મોરેટોરિયમ પિરિયડ (60 મહિનાનો નિયમ) : એકવાર પોલિસીમાં કોઈ પણ જાતના ભંગાણ વગર સળંગ 60 મહિના (5 વર્ષ) સુધી પ્રીમિયમ ભરીને રિન્યૂ કરવામાં આવે, પછી કોઈ ક્લેમ કે છેતરપિંડીનો કિસ્સો ન હોય ત્યાં સુધી વીમા કંપની અગાઉ માહિતી ન આપવાના આધારે ક્લેમ નકારી શકતી નથી. આ નિયમોના કારણે પોલિસી લેતી વખતે જ પોતાની તમામ બીમારીઓની સાચી અને ચોક્કસ માહિતી આપવી અત્યંત ફાયદાકારક સાબિત થાય છે. અરજી કરતી વખતે હાલની બીમારીઓ, અગાઉનો મેડિકલ ઇતિહાસ અને ચાલુ સારવાર વિશે સાચી માહિતી આપવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. કોઈપણ માહિતી છુપાવવાથી ભવિષ્યમાં ક્લેમ સેટલમેન્ટ સમયે મોટી મુશ્કેલીઓ અને જટિલતાઓ ઊભી થઈ શકે છે.

ઉચ્ચ સમ ઈન્સ્યોર્ડ હોવાનો અર્થ એ નથી કે તમને સંપૂર્ણ સ્વાસ્થ્ય સુરક્ષા મળી ગઈ છે. રૂમ ભાડાની મર્યાદા, સબ-લિમિટ્સ, અને કો-પેમેન્ટ જેવા નિયમોથી સાવધાન રહો

Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.
CIN-U65922KL2011PLC029311
કોર્પોરેટ કાર્યાલયઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 19/ઇ, ધ ઇળી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજની નજીક, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા કાર્યાલયઃ મુથૂટ હોમફિન (આઇ) લિમિટેડ, 503, સફાયર બિઝનેસ હબ, એલપી સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત - 395009.

પરિશિષ્ટ-IV-A [નિયમ 8(6)નો પ્રોવિસો જુઓ]

વેચાણ સહ હરાજી માટેની જાહેર નોટિસ

મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા સિક્યુરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ ઉલ્લેખિત સુરક્ષિત અસ્કયામતોનો કબજો લેવાની કાર્યવાહીના અનુસંધાનમાં, ઉધાર લેનાર/ઉધાર લેનારાઓ પાસેથી બાકી રકમની વસૂલાત માટે, સ્થાવર મિલકતના ખરીદ વેચાણ માટે સીલબંધ કવરમાં નીચે હસ્તાક્ષર કરનાર દ્વારા ઓફર્સ આમંત્રિત કરવામાં આવે છે, જે મિલકત કબજામાં છે, 'જે છે જ્યાં છે', 'જે છે જેવી છે' અને 'જે પણ સ્થિતિમાં છે તે આધાર' પર છે, જેની વિગતો નીચે મુજબ છે:

અ. નં.	ઉધાર લેનાર(ઓ)/ સહ-ઉધાર લેનાર(ઓ)/ ગેરંટર(ઓ)/ખાતા નં./ શાખા	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	રિઝર્વ પ્રાઇસ	અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (આરપીના 10%)
1	ધનરાજ નિમ્બા પાટીલ / ચતુર નિમ્બા પાટીલ / લતાબાઈ નિમ્બા પાટીલ / 004-00000739 / સુરત	24-Apr-2026 / રૂ. 11,98,326/- (રૂપિયા અગિયાર લાખ અઠ્ઠાણું હજાર ત્રણસો છવીસ માત્ર).	તમામ તે ટુકડો અને ભાગ સ્થાવર મિલકતનો જે પ્લોટ નં. 417, જેનું ક્ષેત્રફળ 61.67 ચોરસ ગજ એટલે કે 51.57 ચોરસ મીટર (કે.જે.પી. બ્લોક નં. 85/417 મુજબ, જેનું ક્ષેત્રફળ 70.72 ચોરસ મીટર છે), "સાઈ આંગણ રેસિડેન્સી" માં આવેલ છે, રેવેન્યુ સર્વે નં. 100, 101, બ્લોક નં. 85, જેનું ક્ષેત્રફળ હે. 3-99-56 ચોરસ મીટર છે, મોજે ગામ જોલવા, તાઃ પલસાણા, જીલ્લા સુરતનું છે. ઉત્તરઃ 416 નં., દક્ષિણઃ 418 નં., પૂર્વઃ સાઈ ડીપ રેસિડેન્સી, પશ્ચિમઃ આરસીસી રોડ.	રૂ. 12,72,338/- (રૂપિયા બાર લાખ બોંતેર હજાર ત્રણસો આડત્રીસ માત્ર).	રૂ. 1,27,234/- (રૂપિયા એક લાખ સત્તાવીસ હજાર બસો ચોત્રીસ માત્ર).
2	સત્યમકુમાર માવજીભાઈ કવ્હારીયા / રિટાબેન સત્યમકુમાર કવ્હારીયા / 004-00402220 / સુરત	24-Apr-2026 / રૂ. 3,61,550/- (રૂપિયા ત્રણ લાખ એકસઠ હજાર પાંચસો પંચાસ માત્ર).	તમામ તે ટુકડો અને ભાગ સ્થાવર મિલકતનો જે બેરિંગ ફ્લેટ નં. 306 ત્રીજા માળે, જેનું ક્ષેત્રફળ 24.34 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા અને 431 ચોરસ મીટર સુપર બિલ્ટ અપ એરિયા, 7.46 ચોરસ મીટરના "શિવમ રેસિડેન્સી, બી-પાર્ટ" ની જમીનના અવિભાજ્ય હિસ્સા સાથે આવેલ છે, રેવેન્યુ સર્વે નં. 361, બ્લોક નં. 348 પૈકી પ્લોટ નં. 313 થી 324, મોજે ગામ કામરેજ, તાઃ કામરેજ, જીલ્લા સુરતનું છે. ઉત્તરઃ એ વિંગ, દક્ષિણઃ સી વિંગ, પૂર્વઃ એકજ સોસાયટી, પશ્ચિમઃ રોડ.	રૂ. 4,22,919/- (રૂપિયા ચાર લાખ બાવીસ હજાર નવસો ઓગણીસ માત્ર).	રૂ. 42,292/- (રૂપિયા બેતાલીસ હજાર બસો બાણું માત્ર).
3	આદર્શકુમાર રામબાબુ દીક્ષિત / હિના‌કાંતી રામબાબુ દીક્ષિત / 004-00401735 / સુરત	24-Apr-2026 / રૂ. 3,28,099/- (રૂપિયા ત્રણ લાખ અઠ્ઠાવીસ હજાર નવ્વાણું માત્ર).	તમામ તે ટુકડો અને ભાગ સ્થાવર મિલકતનો જે બેરિંગ ફ્લેટ નં. 206 બીજા માળે, જેનું ક્ષેત્રફળ 387.00 ચોરસ ફૂટ એટલે કે 35.97 ચોરસ મીટર સુપર બિલ્ટ અપ એરિયા અને 278.40 ચોરસ ફૂટ એટલે કે 25.86 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા, "શુકુન રેસિડેન્સી-1" ની જમીનના અવિભાજ્ય હિસ્સા સાથે આવેલ છે, બ્લોક નં. 2, 4, 5, 11-એ, 12, 13-એ, 14, 15, 16, 39, 40-એ, 41, 42, 43, 157, 323-એ, 325, 326, & ન્યૂ બ્લોક નં. 2, "સોનીપાર્ક હાઉસીંગ સોસાયટી-2", પૈકી પ્લોટ નં. 208, 209 & 210, મોજે તાતીથૈયા, તાઃ પલસાણા, જીલ્લા સુરતનું છે. ઉત્તરઃ ઓપન પ્લોટ નં. 211, દક્ષિણઃ એકજ. પ્લોટ નં. 207, પૂર્વઃ આંતરિક રોડ, પશ્ચિમઃ એકજ. પ્લોટ નં. 249, 250 અને 251.	રૂ. 3,10,500/- (રૂપિયા ત્રણ લાખ દસ હજાર પાંચસો માત્ર).	રૂ. 31,050/- (રૂપિયા એકત્રીસ હજાર પચાસ માત્ર).
4.	અવિનાશ ભીકા પવાર / સુનંદા ભીખા પવાર / અશ્વિન ભીકાપવાર / 004-00403721 / સુરત	24-Apr-2026 / રૂ. 8,33,268/- (અંકે રૂપિયા આઠ લાખ તેત્રીસ હજાર બસો અડસઠ પૂરા)	તમામ ભાગ અને પાર્સલ સ્થાવર મિલકતઃ પ્લોટ નં. 64 ક્ષેત્રફળ 53.33 ચોરસ વાર (એટલે કે 44.59 ચોરસ મીટર) [કે.જે.પી. બ્લોક નં. 88/B/64 ક્ષેત્રફળ 66.92 ચોરસ મીટર મુજબ], "સાંઈ દીપ રેસિડેન્સી", બ્લોક નં. 88/B (બ્લોક નં. 88 પૈકી, 101, 102) ક્ષેત્રફળ હેક્ટર 5-21-72 ચોરસ મીટર, મોજે ગામ જોળવા, તા. પલસાણા, જી. સુરત. ચતુર્સીમાઃ ઉત્તરેઃ સંગ્ન પ્લોટ નં. 63, દક્ષિણેઃ પ્લોટ નં. 65, પૂર્વેઃ આંતરિક રોડ, પશ્ચિમેઃ સંગ્ન પ્લોટ	રૂ. 9,86,400/- (અંકે રૂપિયા નવ લાખ છ્યાસી હજાર ચારસો પૂરા)	રૂ. 98,640/- (અંકે રૂપિયા અઠ્ઠાણું હજાર છસો ચાલીસ પૂરા)
5.	હરિપદા સનાતન બિસ્વાસ / ભગબતી હરિપદા બિસ્વાસ / 004-00404416 / સુરત	30-Mar-2026 / રૂ. 5,40,034/- (અંકે રૂપિયા પાંચ લાખ ચાલીસ હજાર ચોંત્રીસ પૂરા)	તમામ ભાગ અને પાર્સલ સ્થાવર મિલકતઃ ફ્લેટ નં. 502, 5મો માળ, ક્ષેત્રફળ 545.56 ચોરસ ફૂટ સુપર બિલ્ટ-અપ એરિયા, અને 300.06 ચોરસ ફૂટ (એટલે કે 27.89 ચોરસ મીટર) બિલ્ટ-અપ એરિયા, સાથે રોડ અને C.O.P. ની જમીનમાં અવિભાજિત હિસ્સો, "રાધે રેસિડેન્સી ઓફ આરાધના લેક ટાઉન પાર્ટ-2", બ્લોક નં. 3, 4, 5, 6, 7, 8, 9, 10, 12, 19, 362, અને નવો બ્લોક નં. 3 કુલ ક્ષેત્રફળ 53988 ચોરસ મીટર, પૈકી પ્લોટ નં. 760 [કે.જે.પી. બ્લોક નં. 3/760 ક્ષેત્રફળ 398.91 ચોરસ મીટર મુજબ], મોજે જોળવા, તા. પલસાણા, જી. સુરત. ચતુર્સીમાઃ ઉત્તરેઃ સોસાયટી ૬૯, દક્ષિણેઃ સોસાયટી આંતરિક રોડ, પૂર્વેઃ સોસાયટી ૬૯, પશ્ચિમેઃ સોસાયટી આંતરિક રોડ	રૂ. 4,97,125/- (અંકે રૂપિયા ચાર લાખ સત્તાણું હજાર એકસો પચ્ચીસ પૂરા)	રૂ. 49,713/- (અંકે રૂપિયા